કોલેજ સંલગ્ન છાત્રાલયોમાં રહીને પોષ્ટ મેટ્રીક અભ્યાસ કરતાં અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને કુડબીલ સહાય.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંક-SCW-૧૦૧૫-૫૭૩૧૬૨-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૬-૫-૨૦૧૭.

વંચાણે લીધાઃ-

(૧) સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક/પરચ/૧૦૮૮/૧૦/ગ,તા.૨૫/૧/૧૯૮૯
(૨) સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક/PMS/૧૫૯૭/ન.બા-૨૩/ગ, તા.૮/૧/૧૯૯૮
(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક/સપછ/૧૫૯૯/ન.બા-૭/ગ, તા.૦૧/૦૧/૨૦૦૧
(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક/સપછ/૧૫૨૦૦૭/ન.બા-૧૫/ગ,તા.૩૧/૦૩/૨૦૦૮
(૫) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક/ SCW /૧૦૨૦૧૩/૭૭૧૦૧૩/ગ, તા.૦૬/૦૮/૨૦૧૪
(૬) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક/ SCW /૧૦૧૫/૫૭૩૧૬૨-/ગ,તા.૨૦/૧૦/૨૦૧૬
(૭) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણનો તા.૨૭-૦૩-૨૦૧૭ નો પત્ર ક્રમાંક-અજાક-ગ-૧-૧૬-૧૭-૧૨૩૯.

સુધારા ઠરાવઃ-

કોલેજ સંલગ્ન છાત્રાલયોમાં રહીને પોષ્ટ મેટ્રીક અભ્યાસ કરતાં અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને કુડબીલ સહાય આપવાની યોજના રાજય સરકાર દ્વારા અમલમાં છે. જેને ધ્યાને લઇ ઉકત વંચાણે લીધેલ ક્રમ-૧ થી ૫ પરના ઠરાવોની વિગતો પરત્વે વંચાણે લીધેલ ક્રમ-૬ પરના તા.૨૦/૧૦/૨૦૧૬નો ઠરાવથી સંકલિત ઠરાવ બહાર પાડવામાં આવેલ હતો. ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમ-૭ પરના નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણના તા.૨૭/૦૩/૨૦૧૭ના પત્રથી સદરહુ સંકલિત ઠરાવમાં શરત નં. ૩માં જરૂરી સુધારા ઠરાવ કરવા અંગેની દરખાસ્ત કરેલ છે.

પુખ્ત વિચારણાને અંતે કોલેજ સંલગ્ન છાત્રાલયોમાં રહીને પોષ્ટ મેટ્રીક અભ્યાસ કરતાં અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને ફુડબીલ સહાયના સંકલિત ઠરાવની શરત નં. ૩માં " મહિને રૂ.૧૦૦૦/- " ની જગ્યાએ મહિને " રૂ.૧૨૦૦/-" વાંચવનું આથી ઠરાવવામાં આવે છે.

આ વિભાગના તા.૨૦/૧૦/૨૦૧૬ના સરખા ક્રમાંકના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ધનશ્યામસિંહ મકવાણા)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
૪/૨, ડો.જીવરાજમહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર.

નકલરવાના:-
માન. મંત્રીશ્રી(સા.ન્યા) ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧/૨,સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ
રેસીડેન્ટ ઓડીટ ઓફિસર, ગાંધીનગર
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી.
સર્વે નાયબ નિયામકશ્રી, (અજાક), ( નિયામકશ્રી, અજાક, મારફત)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (પંચાયત), ( નિયામકશ્રી, અજાક, મારફત)
બજેટ-શાખા, સામાજિક ન્યા અને અધિકારીતા વિભાગ
સે.અ.શ્રી-કો.સેલ, સામાજિક ન્યા અને અધિકારીતા વિભાગની વેબ સાઇટ ઉપર મોકવા વિનંતી સહ
સિલેકટ ફાઇલ.